સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૭૨૫૧

અત્યારથી ફોડે બોંબ, યુદ્ધ સુદી ફૂટી જશે!
વાપરી નાખશે મુદ્દા યુદ્ધ સુદી ખૂટી જશે!
ફૂટી જશે સાથીઓ - પરાણે પકડી રાખેલા -
પુરેલા દુશ્મનો પણ, યુદ્ધ સુદી છૂટી જશે!

નમે છો નમો!
થાય છે 'પ્રદર્શન'
લૂખી એકતાનું..

તાણ છે ભાર,
હું કરૂં, મેં કર્યું ની
છે અજ્ઞાનતા..

ચિંતન

વૃદ્ધ કાલે મૃતા ભાર્યા, બંધુ હસ્તે ગંત ધનમ્ ।
ભોજનં ચ પરાધીનં તિસ્રઃ પુંસાં વિડંબનાઃ ॥

ચાણક્ય 'નીતિ'નો આ શ્લોક છે :

વૃદ્ધાવસ્થામાં પત્નીનું મરણ, ભાઇઓ-સંબંધીઓના હાથમાં ગયેલું ધન, કે સંપત્તિ અને ભોજન માટે પરાધીનતાપણું - આ ત્રણ બાબતો મનુષ્ય માટે અતિ દુખદાયી-વિટંબણા સમાન છે.

પતિ-પત્ની જીવનમાં એક-મેકનો આધાર છે વર્ષોથી સારા-નરસા પ્રસંગોમાં, વિપત્તિઓમાં સુખમાં-દુ:ખમાં એકમેકનો સ્વભાવ-વર્તન-આચરણ-શું કરશે? કેમ વિચારશે? કેવા નિર્ણય લેશે બધું જ એકમેકના મન વાંચેલાં હોય છે અને સ્પષ્ટ અંદાજ-અનુમાન હોય છે સ્વભાવ-વર્તન-હાવભાવના વાચનથી પરંતુ જ્યારે વૃદ્ધાવસ્થામાં સાથ છૂટી જાય ત્યારે કોઇ સમજનાર કે સહાયરૂપ થઇ આશ્વાસન આપનાર ન રહે ત્યારે દુ:ખદ પરિસ્થિતિ ઊભી થાય છે.

બીજાના હાથમાં ગયેલું ધન જરૂરત સમયે કામ આવતું નથી.

ખાવા-પીવા-ની બાબતમાં 'પરાધીન' જિંદગી મનુષ્ય માટે દુ:ખદાયી છે. લુખું-સૂકું પણ સમયસર-ઇચ્છામુજબ મળી રહે તે જ શાંતિ દાયક છે.

સુવિચાર

- જે બુદ્ધિરૂપી હોડી મનરૂપી પવનને વશ થાય, તો તે તારી શકે નહીં, પણ ડુબાડી દે - રમણ મહર્ષિ
- આપણા અંદર ભરેલી અશુદ્ધીઓ બહાર ન ઢાંકી કાઢીએ ત્યાં સુધી પ્રાર્થના કરવાનો આપણને હક્ક નથી - એસ. ભટ્ટાચાર્ય
- પ્રશંસા બીજાઓનાં સદ્‌ગુણો પ્રત્યેનું આપણું ઋણ છે - રાજચંદ્ર
- પુસ્તકો જાગૃત દેવતાઓ છે તેમની સેવા આરાધના થકી તાત્કાલિક વરદાન પ્રાપ્ત કરી શકાય છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- સૌંદર્યના નાશવંત સ્વરૂપનું પ્રતિક સમજવા માટે ઇશ્વરે ફૂલોનું સર્જન કર્યું છે - તમિલ કહેવત
- પાપ શું છે?? 'જે દિલમાં ખટકે તે' - ડૉંગરેજી મહારાજ
- પરસેવો પાડ્યા વિનાની પ્રાપ્તિ સુખ અને શાંતિની સમાપ્તિ કરે છે- ડો. ગુણવંત શાહ

બોધ કથા

આપણી ભારતીય સંસ્કૃતિના સંસ્કારમાં જ સાત્ત્વિક વિચાર, હિંમત અને સચ્ચાઇના અમી મળ્યાં છે એને કારણે જ આજે કળિયુગમાં પણ ઠણ આશા-કિરણ જીવંત રહ્યું છે. આજે પણ ભગતસિંહ જેવાં શૌર્ય અને વિવેકાનંદ જેવું આત્મબળ તથા ગાંધીજીના સત્યો આપણી પેઢીમાં પડેલાં છે.

અમેરિકામાં ૧૯૪૦માં એક વિશાળકાય જનરેટર મશીન બનાવવામાં આવ્યું અને એ જોઇ એમાં સૂચન કરવા માટે વિશ્વભરમાં ઇજનેરોને નિરીક્ષણ માટે આમંત્રણ આપવામાં આવ્યું. ભારત સરકારે પણ સિત્તેર વર્ષનાં બુઝર્ગ એક ઇજનેરને અમેરિકા મોકલ્યા.

ચાલીસ દેશોનાં એન્જિનીયર્સને સૌથી પહેલાં અમેરિકાનાં નિષ્ણાતે મશીનની રચના અને તેની ખૂબીઓ બાબત નકશામાં સમજણ આપી-અને પછી કહ્યું, આનું ચિત્ર અને સમજ તો મશીનનાં અંદરના ભાગમાં ઉતરીને જ આવી શકશે. જો તમારી તૈયારી હોય તો આ મશીન સાથે ૭૫ ફૂટ ઊંચી સીડી મૂકી છે તેના પર ચઢી ઉપર જવાશે અને પછી એવી જ સીડી અંદર મુકી છે. પ્રકાશની અને વાયુની વ્યવસ્થા છે - કોણ જવા ઇચ્છે છે?

બધા એકમેકના મોઢા જોવા લાગ્યા કોઇ તૈયાર થયું નહીં - ભારતીય બૂઝર્ગ ઇજનેર ફટાફટ સીડી ચઢી ગયા અને મશીનમાં ઊતરી નિરીક્ષણ કરી બહાર આવ્યા સાથે સૂચન પણ લખી આવ્યા હતા.

આ બુઝર્ગનું નામ ડો. વિશ્વે સરૈયા..

Email - sureshchandrabhatt18@gmail.com

'ઑલિમ્પિયાડ' એક નવવિચાર તરીકે પ્રયોજીએ છીએ ત્યારે માતૃભાષાના પાયા વિવિધ પ્રકારે મજબૂત કરવાનો આશય રહેલો છે

માતૃભાષા સંવર્ધન અભિયાન- અંતર્ગત ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ

- ડો. પી.જી. પટેલ

ભૂમિકા :

ગુજરાતમાં ૨૦૧૦થી ગુજરાતી માતૃભાષાના સંવર્ધનની 'અભિયાન' સ્વરૂપે ખેવના થવા લાગી છે. આમ તો દલપતરામે 'શું શાં પૈસા ચાર' ગણાતી ગુજરાતીને ખંડેરાવ ગાયકવાડના દરબારમાં 'રાજભાષા' તરીકે પ્રસ્થાપિત કરાવવા પુરુષાર્થ કર્યો. મુનિવર્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય દ્વારા રચાયેલા 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'થી માળખાગત સ્વરૂપ પામેલી ગુર્જરી ભાષા, દલપત, પ્રેમાનંદ, નર્મદ, ગાંધીજી દ્વારા પોષણ પામી, પણ વર્તમાનકાળમાં અંગ્રેજી માધ્યમના વંટોળમાં ઝડપાયેલી ગુજરાતી ભાષા સંવર્ધન-માવજત માગી રહી છે. 'ગુજરાતી બચાવો' એમ નહીં, પણ 'ગુજરાતીભાષાનું સંવર્ધન' ગુજરાતી એ આપણા સૌનું 'અભિયાન' બની રહો. અંગ્રેજીની અવગણના નહીં, 'ઉત્તમ અંગ્રેજી, પણ માધ્યમ માતૃભાષા ગુજરાતી'એ આપણા અભિયાન પાયાનું સૂત્ર છે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પણ માતૃભાષા ગુજરાતીનું યથોચિત સ્થાન હોય, માતૃભાષા તરીકે ગુજરાતીનું સશક્તીકરણ કરીએ. તેને વિષય તરીકે વિવિધ પ્રવૃત્તિઓ- પ્રયુક્તિઓથી સજાવતા જઈએ. આવી પ્રયુક્તિઓને વધારે ધ્યેયલક્ષી બનાવવા 'ઑલિમ્પિયાડ' સ્પર્ધાઓથી સજાવીએ. આ ગુજરાતી ભાષાનું સંવર્ધન કરવાનો એક પ્રયોગ છે.

પ્રસ્તાવિક :

'ઑલિમ્પિયાડ' એક નવવિચાર તરીકે પ્રયોજીએ છીએ ત્યારે માતૃભાષા પાયા વિવિધ પ્રકારે મજબૂત કરવાનો આશય રહેલો છે.

ભણવાનું માધ્યમ માતૃભાષા જ હોય તે એક વૈશ્વિક રીતે સ્વીકૃત વિચાર છે. કોઈપણ વિદ્યાર્થી ભણે છે ત્યારે વિવિધ વિષયોની સંકલ્પનાઓનું પ્રાગટ્ય થયું હોય છે. સંકલ્પના- સંપ્રાપ્તિની પ્રક્રિયા (**Precess of concept acquisition**) એ જ અધ્યયન છે. આ પ્રક્રિયાના પાયામાં માતૃભાષા એ **'અધ્યનન ક્ષમતા'** (**Learnability**) બનીને અધ્યયન પ્રક્રિયાને ત્વરિત અને મજબૂત બનાવે છે. જો 'અધ્યયન ક્ષણતા' નબળી હોય તો વિદ્યાર્થીના બધા જ વિષયો પણ કાચા પડે છે. માધ્યમ તો માતૃભાષા હોય તે જ વૈજ્ઞાનિક કહેવાય.

માતૃભાષા એ 'સંસ્કૃતિ'નું માધ્યમ છે. કલા, સાહિત્ય, સંગીત માતૃભાષા દ્વારા જ વિકાસ પામે છે. બાળકની સ્વસૂઝ અને સર્જનશીલતા પણ માતૃભાષામાં જ ત્વરિત અને ગતિશીલ હોય છે. જે બાળક બીજી ભાષાના માધ્યમથી ભણે છે તેની મૌલિકતાનો આંક નીચો રહે છે. તે ગોખેલી માહિતીના આધારે જ અધ્યયન કરતો હોવાથી 'પોપટિયું' જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેની અન્ય સાથે પ્રત્યાયન વાતચીત કરવાની ગતિ પણ માતૃભાષા જેવી સ્વાભાવિક નથી હોતી. તે પહેલવૃત્તિ ગુમાવે છે. તેનામાં અનુકરણવૃત્તિ વધારે વિકસે છે. આથી માતૃભાષાથી બાળકને વંચિત રાખવો તે મોટો ખોટનો ધંધો છે. બાળકની માતૃભાષા ઉપરાંત અન્ય ભાષાઓનું જ્ઞાન ઉપકારક બની રહે છે. 'બહુભાષી' બાળકનો જ્ઞાનાત્મક વિકાસ સારો થાય છે.

આપણે આવા એક તર્કસંગત અભિગમ સાથે માતૃભાષા ગુજરાતીના સશક્તીકરણનું અભિયાન હાથ ધરીએ છીએ. આ અભિયાન એ પ્રજાકીય વિકાસની વૈજ્ઞાનિક સમજના પાયા ઉપર મંડાયેલું છે. માતૃભાષાનું ઉત્તમ શિક્ષણ બાળકના સર્વાંગી વિકાસના મૂળમાં છે. 'ઑલિમ્પિયાડ'એ માત્ર સ્પર્ધા નથી. પણ ગુજરાતી ભાષા શિક્ષણને ઉત્તમ યોજવાની વિવિધ પ્રયુક્તિઓ છે. સ્પર્ધાઓ નિશ્ચિત સમયગાળા દરમ્યાન યોજાય પણ તે માટે વિદ્યાર્થીને વર્ગખંડ તેમજ વિવિધ સહઅભ્યાસની પ્રવૃત્તિઓ મારફતે, સમગ્ર વર્ષ દરમ્યાન, સજ્જ કરતા રહેવાનો આદર્શ તેમાં સમાયેલો છે. ઑલિમ્પિયાડ સ્પર્ધાઓ નિમિત્તે ગુજરાતી ભાષાના શિક્ષણને વધારે નક્કર બનાવવાનો ખ્યાલ રહેલો છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધાઓ પ્રયોગાત્મક રીતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓ ભણસાલી ટ્રસ્ટ, સર્વ સેવા ટ્રસ્ટની પાંચ શાળાઓને કેન્દ્રમાં રાખી તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ઉ.બુ. વિદ્યાલય નારોલીમાં યોજાઈ, પણ તે માટે તેવી પાંચે શાળાઓ આડેસર, વૌવા, ગોતરકા, ટડાવ અને નારોલીમાં ડિસેમ્બર ૨૦૧૨થી પ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. સ્પર્ધા યોજાય કે ન યોજાય પણ માતૃભાષા ગુજરાતીનું ઉત્તમ શિક્ષણ એ ધ્યેય સાથે યોજના શરૂ કરવામાં આવેલી. આ વર્ષે તા. ૨૪મી ઑગસ્ટ 'નર્મદ દિન'થી તેનો નક્કર આયોજન સાથે પ્રારંભ થાય, પણ સ્પર્ધાઓ તો ૨૧મી જાન્યુ., ૨૦૧૪ દલપત જન્મદિનના દિવસે યોજાય તેવો ખ્યાલ છે. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૪ માતૃભાષા ગૌરવ દિન તરીકે યોજાય તે દિવસે વિજતાઓને પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરી શકાય.

● ઓલિમ્પિયાડ શું છે શા માટે?

છે 'ગુજરાતી ભાષા ઑલિમ્પિયાડ!' ઑલિમ્પિયાડ તો પશ્ચિમી સંસ્કૃતિનો શબ્દ લાગે તેને ગુજરાતી ભાષા સાથે શું લેવા દેવા?

ઑલિમ્પિક રમતો એ વૈશ્વિક ઘટના છે. વિશ્વબંધુત્વ ફેલાવવાના ઉત્તમ માનવીય સંદેશ સાથે વિશ્વના વિવિધ દેશોમાં દર ચાર વર્ષે યોજાતી શરીર સૌષ્ઠવની રમતો 'ઑલિમ્પિક ખેલ' તરીકે ઓળખાય છે. આ એક ગૌરવવંતી ઘટના છે જેની તૈયારી ચાર ચાર વર્ષ મેદાન રચવામાં તથા સ્પર્ધકો તૈયાર કરવાની રીતે થતી હોય છે. આજે 'ઑલિમ્પિક' શબ્દ એ વિશ્વની બધી ભાષાઓનો શબ્દ બની ગયો છે. આપણે તે શબ્દના પ્રભાવનું પુણ્ય મેળવવા 'ગુજરાતી ભાષા' સાથે પ્રયોજવાનું કર્યું છે.

ઑલિમ્પિક રમતોત્સવ ગ્રીક સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે. ગ્રીસની ઑલિમ્પિયા ખીણ વિસ્તાર પાસે 'ઓલિમ્પિસ' નામનો પહાડ છે. ગ્રીસ દેશ પહાડી દેશ છે. તેના નગર રાજયોમાં ૨૭૦૦ વર્ષો પહેલાં આ રમતો રમાવી શરૂ થયેલી. વચ્ચે ૫૦૦ જેટલા વર્ષ બંધ રહેલો આ રમતોત્સવ ૧૫૦૦ વર્ષથી પુનઃ શરૂ થયો છે. ઑલિમ્પિસ પર્વત એ પવિત્ર મનાતો પહાડ છે. દેવોના સ્થાન તરીકે તેનું માહાત્મ્ય છે. રમતોત્સવમાં પ્રારંભ પવિત્ર જયોત સળગાવીનો યોજવામાં આવતો. આમ તો રમતોત્સવ દિવ્યતા અને પવિત્રતાના ભાવ સાથે જોડાયેલ છે. આનો આ રમતોત્સવમાં નગર રાજયો એથેન્સ અને સ્પાર્ટામાં બે જૂથમાં વહેંચાતાં અને બંને વચ્ચે યુદ્ધ બંધ રહે ત્યારે ત્રણેક માસ સુધી આ રમતોત્સવ યોજાતો. યુદ્ધ બંધ રાખી, શાંતિ સ્થાપના સાથે રમતો રમાય તેવી એક વિશિષ્ટ અને અદ્‌ભૂત ઘટના તરીકે ઓલિમ્પિક રમતો યોજાતી. આ એક માનવીય સંબંધોની અદ્‌ભૂત ઘટનાને આજે વિશ્વમાં જીવંત બનાવવામાં આવી છે. તેમાં ખેલાડીઓ અને રમતોના પ્રકારની સંખ્યા વધતી રહે છે.

ઑલિમ્પિક પહાડની ખીણમાં રમતો રમતી તેથી તેને ઑલિમ્પિક નામ અપાયું. આ ઑલિમ્પિક ઉત્સવ પરથી ગ્રીકોનું કેલેન્ડર રચાયું. એ ઉત્સવ વચ્ચેનાં ચાર વર્ષનાં ગાળાએ 'ઑલમ્પિયાડ' તરીકે ઓળખવામાં આવતો તેના ચાર વર્ષની સાલવારી યાદ રાખતા એ ગાળાનું ઓલમ્પિયાડ ૧૪૬૦ દિવસનું થતું. આજે વિવિધ દેશમાં નિયંત્રણના આધારે યોજાતી આ રમતોને ગૌરવવંતી પવિત્ર ઘટના તરીકે લેવામાં આવે છે. આપણે ગુજરાતી ભાષાનું સંવર્ધન કરતી વર્ગખંડો-શાળામાં વિવિધ પ્રયુક્તિઓને સ્પર્ધા સ્વરૂપે યોજી ગૌરવવંતી ઘટના તરીકે સન્માનિત કરવાનો એક શૈક્ષણિક ખ્યાલ ધરાવીએ છીએ.

ગુજરાતી ભાષા સશક્તિકરણના આ કાર્યક્રમને 'માતૃભાષા અભિયાન' તરીકે વ્યાપક અને રોચક બનાવવાની ગણતરી છે. માતૃભાષા અભિયાનનાં વિવિધ કાર્યક્રમોમાંના એક કાર્યક્રમ તરીકે 'ગુજરાતી ભાષા ઑલમ્પિયાડ' ને સ્થાન આપવામાં આવે. આ નિમિત્તે શાળા કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ કે રાજય કક્ષાએ માતૃભાષાનું સંવર્ધન કરતી વિવિધ સ્પર્ધાઓ તબક્કાવાર યોજાય. જેમ ઑલમ્પિયાડની તૈયારી લાંબા ગાળાની બને તેમ શાળા અધ્યયન-અધ્યાપનના ભાગરૂપે જ વિવિધ પ્રયુક્તિઓ પ્રવૃત્તિઓ યોજી ગુજરાતી ભાષા ઑલમ્પિયાડની તૈયારી થાય. આ સ્પર્ધા દર વર્ષે તા. ૨૧મી જાન્યુઆરી કવિશ્રી દલપતરામના જન્મદિવસે યોજવાનું સૂચન સમગ્ર રાજયમાં એકવાક્યતા લાવવાના ખ્યાલથી રાખેલ છે. રાજય સરકાર શિક્ષણક્ષેત્રની અન્ય પ્રવૃત્તિઓ ધ્યાનમાં લઈ બીજી રીતે પણ વિચારી શકે.

● ગુજરાતી ભાષાની સીમાસ્તંભ સમાન ઘટનાઓ :

ગુજરાતી ભાષા અત્યંત સમૃદ્ધ ભાષા છે, તેના નરસિંહ, મીરાં, અખો કે ભોજા જેવા ભક્ત કવિઓનું પ્રદાન શું ઓછું છે? પ્રભાતિયાં, છપ્પા, દોહાં, સાખી કે ચાબખા ચો શોધ્યા ક્યાં જડશે? ભક્તિકાળ-પંડિતકાળ કે આધુનિક કાળનાં સાહિત્યકારોનું વિશિષ્ટ પ્રદાન છે. વસ્તુ એ બની છે કે રાજકીય કે પ્રજાકીય મહત્ત્વ આંકવામાં ઊણા ઊતરવાથી તેનું ગૌરવગાન નથી થયું અને પ્રજાકીય સંસ્કૃતિના શણગાર તરીકે વ્યાપક સન્માન નથી મળતું અને સર્વગ્રાહી વિકાસ થતાં રૂંધાઈ પોપટીયા વિકાસ તરફ પ્રજા ખેંચાઈ જાય છે.

ગુજરાતી ભાષા વિકાસના ગંગાપ્રવાહમાં થોડીક ઘટનાઓને ઉત્સવ ઉજવણી તરીકે પ્રતિષ્ઠિત કરી સમગ્ર સાહિત્યને પ્રજાકીય સન્માન અપાય તેમ કરીએ. આ માટે (૧) કલિકાલ સર્જન મુનિવર હેમચંદ્રાચાર્યજી જન્મ દિન (કાર્તિકી પૂનમ), ગુજરાતી ભાષા પ્રાગટ્ય દિન (૨) કવિ દલપતરામનો જન્મ દિન (૨૧મી જાન્યુઆરી), ગુજરાતી ગૌરવ દિન, (૩) કવિવર નર્મદનો જન્મદિવસ અને ૨૪મી ઓગસ્ટ - ગુજરાતી ભાષા સમગ્ર દિન (૪) ૨૧મી ફેબ્રુઆરી વિધિ માતૃભાષા ગૌરવદિન ઉજવણી કરીએ અને તે ઉત્સવોને પ્રજાકીય ઉમંગના દિવસો તરીકે વિશિષ્ટ રીતે મનાવીએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાંસ્કૃતિક અને સામાજિક નિસબતના સંવેદનાસભર 'પગલાં પારિજાતનાં'

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણે કોઇ ઉદ્યાનમાં જઇએ છીએ ત્યારે ત્યા ખીલેલાં પુષ્પોની જુદી જુદી સુગંધ તેના અલગ અલગ રંગ અને તેના આકાર પ્રકારોથી આકર્ષાઇએ છીએ. આપણી આંખો અને મન તરબતર થઇ જાય છે. હૃદયમાં ખુશી માતી નથી. આપણે આપણાં આ સુખદ પળોનાં કોઇને સાક્ષી બનાવવા માંગતા હોઇએ છીએ. તે માટે કદાચ આપણી પાસે કેમેરો હોય તો બાગની તસ્વીરો લઇએ છીએ. પણ તેમાં સુગંધ ને કેદ કરી શકાતી નથી. ફૂલનો ચોરી છૂપીથી ચૂંટીને લઇ જવાની લાલચ પણ થાય પણ તે મુરઝાઇ જાય છે. ત્યાર તેની સુગંધ અને રંગ બંને લાંબો સમય ટેક નહીં એ જામતાં આપણને તેને સાથે લઇ જવાની બહુ ઇચ્છા ન થાય એવું પણ બને. પણ વિચારોનાં વૃંદાવનમાં ફરનારા માટે એ સહેલું છે.

આપણે સમય મળે ત્યારે કોઇ સારૂં પુસ્તક વાંચતાં હોઇએ, કોઇ સામાયિક કે અખબારના પાનાં ફેરવતાં હોઇએ તેમાં કોઇ સુંદર પ્રસંગ, ટૂચકો, વાત કે સુવિચાર જોતાં જે ઝબકારો થાય છે તેને આપણાં સ્નેહીઓ, પ્રિયજનો અને આપણી જેમ જ વિચારનારાઓ વચ્ચે ગમતાનો ગુલાબ કરી વહેંચી શકીએ તે માટે તેને અલગ કોઇ ડાયરીમાં લખી લેતાં હોઇએ છીએ. ત્યારે વિચારોને વહેંચવાના એ વાટકી વ્યવહારની મજા જ કંઇક ઓર હોય છે. નવા જમાનાના યુવાવર્ગ વિષે આપમે એમ કહીએ કે તેઓ વાંચતા નથી. તો તે વાત પણ ખોટી છે. તે લોકોની આપણાથી પણ ઘણા આગળ છે. જે વિચાર મલ્યો તેને તુરત જ S.M.S. દ્વારા કે સોશિયલ મીડિયામાં ફેસબુક કે યુ-ટ્યુબ પર મુકીને શેર કરવાનું પસંદ કરે છે. આમ સુંદર વિચારો વહેંચવાનું સૌને ગમે છે એ વાત તો નક્કી જ છે. મારે આજે તમને એક સુંદર વિચારોની ફૂલછાબ જેવા પુસ્તકની વાત કરવી છે.

સુંદર આકર્ષક મુખ પૃષ્ઠ અને સરસ સુઘડ છપાઇ સાથેનું એક અમૂલ્ય કહી શકાય તેવું પુસ્તક મારા હાથમાં આવ્યું ત્યારે જોતાં જ વાંચવાનું મન થઇ આવ્યું અને તે એક બેઠકે પૂરૂં કર્યું.

હાં, હું વાત કરૂં છું. 'પગલાં પારિજાતનાં' પુસ્તકની. આ કોઇ એક લેખક દ્વારા લખાયેલ પુસ્તક નથી પણ તેમાં અનેક લેખકોનાં સુંદર વિચારોના ગુલદસ્તાને સંપાદકોએ એવી સુંદર રીતે આપણી સમક્ષ મુક્યો છે કે તેનાથી મન અને હૃદય બંને પ્રસન્ન અને તરબતર થઇ જાય છે.

પુસ્તકનાં પાનાં ફેરવતાં એવું જાણવા મળ્યું કે રાજકોટમાં 'સંવેદના' નામે સાંસ્કૃતિક અને સામાજિક નિસબતનું અનૌપચારિક એક વૃંદ છે. તેણે આ કામ ઉપાડ્યું છે. પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૦૫માં ડિસેમ્બરમાં આ સંવેદના વૃંદ દ્વારા ગુજરાતી ભાષાના શિષ્ટ સમૃદ્ધ સામયિકોમાં અને પુસ્તકોનાં પાનાં ઉપરથી ઉદ્‌ધૃત કરેલા ઉમદા પ્રેરણાદાયક વિચારોનું પ્રકાશન 'ક્ષણ સૂર્યોદયની' પ્રકાશિત કરેલું અને તેને સહૃદયીઓને વિના મૂલ્યે ભેટ ધરેલું. ગાંઠનું ગોપીચંદ ઘસનારા આ 'સંવેદના' વૃંદનું બીજું સાહસ તેના કરતાં પણ જોમવંતુ છે છતાં તેમને નમ્ર ભાવે કબૂલ કર્યું છે કે કતૃત્વના કશાય ભાર વિના કહીએ તો આ લઘુગ્રંથમાં અમારૂં કશુંય નથી. કેવળ આત્મીયને વહેંચવાનો આનંદ છે. પણ મને તો લાગે છે કે આત્મીયને વહેંચવાનો એ આનંદ કંઇ નાનીસૂની વાત નથી.

'પગલાં પારિજાતનાં' પ્રકાશનમાં જગતભરનાં સર્ષ્કો ચિંતકો-સૂફીઓ-ઝેન પંથીઓએ જગતને ભેટ ધરેલા મહાન પ્રેરણાદાયી વિચારોનું તેજ છે. જે કથારૂપે, દૃષ્ટાંત રૂપે કે પ્રસંગ રૂપે વધુ સરળ રીતે પ્રત્યાયન થાય તે હેતુથી સંપાદિત કરવાનો સંપાદકોએ સુંદર પ્રયાસ કર્યો છે. તેમાં આપણને ૬૬ જેટલા આવા વિચારો ગુચ્છો જુદા જુદા સ્વરૂપે પ્રાપ્ત થાય છે તેમાંથી પસાર થતાં આપણે એ વાત અનુભવીએ છીએ કે આજે ભૌતિક વિશ્વના અતિઉપભોગથી મનુષ્ય વિછિન્ન થતો જાય છે ત્યારે ગઇકાલે જે જીવન મૂલ્યો, શ્રધ્ધા, આત્મબળ અને પરમ ને સ્વીકારી સમર્પિત થઇ જીવતો હતો અને પોતાની ભીંતરની આધ્યાત્મિકતાને સંકોરતો રહેતો'તો એ હવે પદચ્યુત થઇ ગયો છે. વૈશ્વિક કટોકટીમાં વૈયક્તિક, પારિવારિક, સામાજિક અને આર્થિક રીતે વધુને વધુ અસ્થિર થતો જાય છે ત્યારે આવા કોઇ પ્રકાશનમાંથી કેટલીક આધ્યાત્મિક દિશા સાંપડે તેવી કથાઓ સંપાદકોએ એકત્ર કરી જે રીતે રજૂ કરી છે તે બહુ મોટું કામ કર્યું છે.

'પગલાં પારિજાત'નાં પુસ્તકનું સંપાદન પૂર્ણિમા જોષી, સુધીર જોષી અને મહેન્દ્ર જોષીએ કર્યું છે. સમાજમાં આટલી સંવેદના હજુ જીવે છે અને પરોપકારે આવાં સુંદર કાર્યો થાય છે. ત્યાં સુધી માનવજાતનું ભવિષ્ય ઉજળું છે તેમ જરૂરથી કહી શકાય. સુંદર વિચારોને વહેંચવાની આવી વિચાર પરબો વધુને વધુ વિકસે વિલસે તો તેની ક્યાંક ને ક્યાંક અસરો જરૂરથી જોવા મળશે. ત્યારે દૂષિત વિચારો, આચરણો અને વિચાર શૂન્યતા ભણી જતા લોકો અને સમાજને અટકાવી તે નવી દિશા ચીંધશે તે વાતની ખાત્રી આ પુસ્તક આપે છે. આવા સુંદર સંપાદન બદલ સંપાદકોને ખુબ ખુબ અભિનંદન!

પગલાં પારિજાતનાં
સંપાદકો - પૂર્ણિમા જોષી, સુધીર જોષી, મહેન્દ્ર જોષી
પ્રકાશક - 'સંવેદના', 'ઉર્મિ' ૬, રામકૃષ્ણનગર(વેસ્ટ), ટાગોર હોલ, રોજકોટ : સંપર્ક સૂત્ર - ૯૪૨૬૪૩૧૬૭૭
પૃષ્ઠ - ૧૧૨, મૂલ્ય : અમૂલ્ય, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨

પરિવાર માટે દીકરા જેટલો જ કે એનાથી વધુ મજબૂત અને લાગણીશીલ ટેકો દીકરી બની શકે છે, તો પણ કેમ આપણે દીકરીને જાકારો આપીએ છીએ?

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

દીદી, બહુ ભીડ છે, આજે લેડીઝ ડબ્બામાં ચઢાય એવી પરિસ્થિતિ નથી. અહીં આવી જાઓ. મને ખબર છે, તમે વિકલાંગના ડબ્બામાં નથી જ આવતાં, પરંતુ આજનો દિવસ તમારા નીતિ નિયમોને રીસેસ આપો!"યુનિવર્સિટીમાં માસ્ટર્સના અભ્યાસ કરતી સ્નેહાએ લેડીઝ ડબ્બાની લગોલગ આવતા વિકલાંકના ડબ્બામાંથી ટહુકો કર્યો."

મેં જરા આમ તેમ નજર ફેલાવી, પછી પ્લેટફોર્મ પર લટકતી કલોક પર એક નજર નાંખી અને ટ્રેનની વ્હીસલ સંભળાતા જ અનિચ્છાએ વિકલાંગના ડબ્બામાં ચઢી.

સામસામી બે સીટની વચ્ચે વિશાળ ખુલ્લી જગ્યામાં રોજના અપ ડાઉનવાળા ન્યુઝપેપર પાથરીને ગોઠવાયા હતા. કોઇ સ્કૂલનાં પેપર્સ ચેક કરી રહ્યું હતું, તો કોઇ હનુમાન ચાલીસાનો પાઠ! કોઇ વોટ્સ અપ પર બિઝી હતું, તો કોઇ બૂક્સમાં મગજ લગાવી રહ્યું હતું. હું રોજિંદી આદત પ્રમાણે મારા મોબાઇલમાં મ્યુઝિકનો આનંદ લઇ રહી હતી. "અબ મુઝે કોઇ ઇન્તઝાર કહા..." જેવા શબ્દોને સૂરમાં ગાઇ રહેલી રેખા ભારદ્વાજનો અવાજ કાનમાં કંઇક ઇમોશન્સ રેડી રહ્યો હતો.

"દીદી, અહીં આ બાજુ જગ્યા છે." એક અજાણ્યો અને થોડા સૌમ્ય અવાજ મને સંભળાયો.

મેં પાછળ નજર કરી તો એક પંદર સોળ વર્ષની છોકરી થોડા થાકેલાં, છતાં વ્હાલાં લાગે એવા સ્મિત સાથે મને એની બાજુની જગ્યામાં બેસવા ઇજન કરી રહી.

એ અજાણી છોકરીની બાજુમાં બેસીને હું મારી મ્યુઝિક મુસાફરીમાં ફરી પરોવાઇ, છતાં એ છોકરીમાં કંઇક એવું હતું કે અચાનક મ્યુઝિક પ્લેયરને પોઝ કરી, ત્રાંસી આંખે હું એને જોઇ રહી.

કચ્છ એક્સપ્રેસની કાતિલ ભીડમાં પણ એને કદાચ બીજી વાર જોયાનું દિમાગ દહોરાવી રહ્યું. એક વાર જોઇને યાદ રહી જાય એવું આકર્ષણ ભલે એનામાં ના હતું. પરંતુ કંઇક અજાણ્યું રિઝન હતું કે મારા દિમાગના કેમેરામાં એની ઇમેજ કેપ્ચર થઇ ગઇ હતી. અંબોડામાં કસીને બાંધેલા લાંબા કાળા વાળ, આંખે ઘસાયેલી ફ્રેમવાળા બાબા આદમના જમાનાના ચશ્મા. જૂની ફેશનના ઝાંખા પડી ગયેલા સલવાર કમીઝ અને એના પર મેચિંગ વગરની નાખેલી ઓઢણી, હાથમાં લાલ શ્રદ્ધાનો દોરો, એકદમ સાદારણ, છતાં કંઇક અસાધારણ!

"પપ્પા શું થાય?" અચાનક એ અતિ સામાન્ય લાગતો ચહેરો એકદમ સૌમ્ય અને લાગણીશીલ બન્યો.

એ અજાણી છોકરીની બાજુમાં બેઠેલા એના પપ્પા ટ્રેનની બારી પાસે બેસીને પોતાને થતી ગભરામણ ઓછી કરવા નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા, એમના અચાનક ચઢી આવેલા શ્વાસે એમની પરિસ્થિતિ અને વેદના ખુલ્લી કરી દીધી. અત્યંત મુશ્કેલીથી એના પપ્પા કંઇક બોલી ગયા, જે એમની દીકરી સિવાય કદાચ કોઇ જ સમજી ના શક્યું. જેમ બાળક બોલતા શીખે એ પહેલાં એની ભાષા માત્ર અને માત્ર એની માતા જ સમજી શકે છે એમ!

"મારૂં નામ નમિતા. આમ મારા પપ્પા. એમને કિડનીનો પ્રોબ્લેમ છે, એટલે ડાયાલિસીસ કરાવવા જોઇએ છે." પોતાની પાસેથી નાનીસી બેગમાંથી એક ડબ્બી કાઢી, એમાંથી ચમચી ભરીને કંઇક પાવડર જેવું પોતાના પપ્પાના મોઢામાં પ્રેમથી ખવરાવી, પાણીની બોટલમાંથી પ્લાસ્ટિકના ગ્લાસમાં પાણી કાઢી એમને પીવડાવતા એ કહી રહી, કદાચ છેલ્લી દસ મિનિટથી ત્રાંસી નજરે હું એનું નિરીક્ષણ કરી રહી છું એ વાત એની ચકોર નજર પારખી ગઇ હશે.

"સિવિલ હોસ્પિટલમાં જઇ રહ્યાં છો?" મેં વાત શરૂ કરતાં પૂછ્યું.

"હા દાદી, જો કે હવે ચલકચલાણી જેવું છે. પપ્પાને અઠવાડિયે બે વાર ડાયાલિસીસ કરાવવું પડે છે. હમણાં સુ